ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/૪૬
વિતરણ/પોલીસી/
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૦૨/૧૨/૨૦૧૫

// **પરિપત્ર** //

**વિષયઃ- નિગમના વસાહતોની વણવપરાશી ઔદ્યોગિક મિલ્કત તબદીલ કરવાની નીતિ.**

નિગમની વસાહતોમાં ફાળવવામાં આવેલ મિલ્કતનો ફાળવણીદાર ધ્વારા ઉપયોગ કરવામાં આવેલ ન હોય અને તે આજની તારીખે પણ વણવપરાશી/ખૂલ્લી પડી રહેલ હોય અને આવા ફાળવણીદારો જો પોતાની મિલ્કત તબદીલ કરવા ઇચ્છતા હોય તો ખાસ કિસ્સા તરીકે નીચે મુજબની નીતિ (એકઝીટ પોલીસી) અમલમાં મુકવામાં આવે છે. આ નીતિની સમય મર્યાદા તા.૩૧/03/૨૦૧૬ સુધીની રહેશે. આ પોલીસીનો લાભ લેવા ઇચ્છતા ફાળવણીદારોએ આ પોલીસી અંતર્ગત કરવાની થતી તબદીલીની અરજી નિગમની જે-તે પ્રાદેશિક કચેરીને તા.૩૧/03/૨૦૧૬ સુધીમાં મળી જાય તે રીતે કરવાની રહેશે અને આ યોજના અંર્તગત મળેલ તમામ અરજીઓ અંગે તા.30/0૬/૨૦૧૬ સુધીમાં નિર્ણય લઇ લેવાના રહેશે.

(૧) આવા વણવપરાશી/ખૂલ્લા પ્લોટ/એકમ/મિલ્કત જયારે તબદીલ કરવા માટે આવે ત્યારે તેઓ પાસેથી જે તે વસાહતના પ્રવર્તમાન ફાળવણી દરના ૨૦% તબદીલી ફી વસૂલ કરવાની રહેશે.

(૨) આ નીતિ અંતર્ગત તબદીલ થનાર મિલ્કતના કિસ્સામાં મિલ્કતની ફાળવણી તારીખથી પ્રવર્તમાન ફાળવણી દરના પ્રતિ વર્ષ ૧% લેખે મહત્તમ ૧૦% ની મર્યાદામાં વણવપરાશી દંડ વસૂલ કરવાનો રહેશે.

(૩) આ નીતિ અંતર્ગત તબદીલ થનાર મિલ્કતનાં કિસ્સામાં તબદીલીથી મેળવનારને તબદીલી તારીખથી નિગમની પ્રવર્તમાન નીતિ પ્રમાણે નિયત સમય મર્યાદામાં મિલ્કતને ઉપયોગમાં લેવાની રહેશે.

(૪) એક્ષટેન્શન માટે જે કોઇ ફાળવણીદારોએ આપવામાં આવેલ સમયગાળામાં અરજી કરેલ હોય અને આ સમય મર્યાદા પૂર્ણ થયેલ ન હોય તેવા ફાળવણીદારો પણ આ યોજનામાં ભાગ લઇ શકશે. તેમજ હવે ઉપરાંત નિગમ ધ્વારા વણવપરાશી/ખૂલ્લી મિલ્કતના ઉપયોગ માટે સમયમર્યાદા વધારવાની કોઇ નીતિ ભવિષ્યમાં અમલમાં મુકવામાં આવશે નહીં. તા.૩૧/03/૨૦૧૬ પછી નિગમની વસાહતોમાં જે કોઇ મિલ્કત વણવપરાશી રહેલ હશે (મોરેટોરીયમ પીરિયડ સિવાયના કિસ્સા) તેવી તમામ મિલ્કતોને નિગમ ધ્વારા GPP ACT હેઠળ વણવપરાશી ગણી પરત મેળવવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.